એચ.આર.ટી.-૧
નવી બાબત (વર્ષ ૨૦૧૯-૨૦)

બાગાયત નિયામક કચેરી હસ્તક મહેસાણા ખાતે વિભાગીય કક્ષાની નવી કચેરી ઉભી કરવા વિવિધ સંવર્ગની કૂલ-૦૬ જગ્યાઓ ઉભી કરવા બાબત.

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
**ઠરાવ ક્રમાંક : બગમ/૧૦૧૯/૯૪૦/ક.૮**
સચિવાલય, ગાંધીનગર
તા.૨૦/૦૮/૨૦૧૯

બાગાયત નિયામકશ્રીની કચેરી
ગુ.રા. કૃષિભવન, ગાંધીન
આવક નં. ૧૭૧૦
તારીખ : 21 AUG 2019

વંચાણે લીધા :

(૧) બાગાયત નિયામકશ્રીના તા.૧૭/૫/૨૦૧૯ના પત્ર ક્રમાંક: બગત/હસબ/ઘ-૬/પ્રી.બજેટ/HRT-1/૭૨૪૦-૪૧/૧૯
(૨) બાગાયત નિયામકશ્રીના તા.૯/૭/૨૦૧૯ના પત્ર ક્રમાંક: બગત/હસબ/ઘ-૬/બજેટ/૧૦૩૩૮-૩૩૯/૧૯
(૩) કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ ઠરાવ ક્રમાંકઃ બગત/૩૦૯૦/સીએમ.૨/ક-૩, તા.૨૨/૦૩/૧૯૯૧
(૪) કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ ઠરાવ ક્રમાંકઃ બગત/૩૦૯૬/૨૪૨૩/(૭૧)/ક-૮, તા.૧૩/૧૦/૧૯૯૭
(૫) કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ ઠરાવ ક્રમાંકઃ બગમ/૧૦૨૦૦૦/૨૪૮૩/ક-૮, તા.૦૮/૦૧/૨૦૦૧

**આમુખઃ-**

રાજયમાં બાગાયતની પ્રવૃતિને વેગ આપવા માટે ખેતી ખાતાથી અલગ એવા બાગાયત ખાતાની રચના વંચાણે લીધેલ સંદર્ભ (૧) ઉપરના ઠરાવથી કરવામાં આવેલ છે. બાગાયતી યોજનાઓના અમલીકરણ, સંકલન તથા નિયંત્રણ અંગેની કામગીરી માટે બાગાયત ખાતા હેઠળ બે વિભાગીય કચેરી વડોદરા તથા રાજકોટ ખાતે વંચાણે લીધેલ સંદર્ભ (૪) પરના ઠરાવથી મંજુર થયેલ છે. વડોદરા વિભાગીય કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ ૨૧ જિલ્લાઓ અને રાજકોટ વિભાગીય કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ ૧૨ જિલ્લાઓનો સમાવેશ થયેલ છે.

ઉત્તર ગુજરાતમાં ખેડૂતો બાગાયતી ખેતી તરફ વળ્યા છે, ત્યારે રાજયની કૃષિ યુનિવર્સીટીઓ સાથે સહકાર મેળવી એગ્રો ક્લાઇમેટીક ઝોન મુજબ નવીનત્તમ ટેક્નોલોજીનુ વિસ્તરણ ખેડુતોના ખેતર સુધી પહોંચે તેની તાતી જરૂરીયાત, નર્મદાના નીરને કારણે બાગાયતી પાકોના વાવેતર વિસ્તારમાં હજુ પણ મોટો વધારો થવાની પુરેપુરી શક્યતાઓ અને નિકાસની પણ ઉજળી શક્યતાઓ જોતાં ઉત્તર ગુજરાતમાં બાગાયતી પાકોની જણસો માટે મોટા પ્રમાણમાં કોલ્ડ ચેઇન ટેકનોલોજી ઉભી કરવામાં આવેલ છે. રાજયમાં છેલ્લા થોડા વર્ષોમાં બાગાયતી પ્રવૃત્તિઓનો ઉત્તરોત્તર વ્યાપ વધતાં ઉત્તર ગુજરાતમાં બાગાયતી ખેતીના વિકાસની વિશેષ શક્યતાઓને ધ્યાને લઇ તેમજ ખેડૂતોને બાગાયતી તજજ્ઞોનો વ્યાપક લાભ મળી રહે તે હેતુસર વડોદરા તથા રાજકોટ ખાતેની વિભાગીય કચેરીનું વિસ્તરણ કરીને ઉત્તર ગુજરાતના ૭(સાત) જિલ્લાઓ માટે મહેસાણા ખાતે નવી વિભાગીય કચેરીની મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

સરકારશ્રીની કાળજીપૂર્વક વિચારણાના અંતે બાગાયત નિયામક કચેરી હસ્તક મહેસાણા ખાતે વિભાગીય કક્ષાની નવી કચેરી ઉભી કરવા નીચે દર્શાવેલ વિવિધ સંવર્ગની કુલ-૦૬ જગ્યાઓ ઉભી કરવા માટે વર્ષ ૨૦૧૯-૨૦ માં રૂ.૩૬.૫૮/- લાખની નવી બાબત હેઠળની જોગવાઇને નીચેની શરતોને આધિન વહીવટી મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | સંવર્ગ | જગાની સંખ્યા |
|---|---|---|
| ૧ | સંયુક્ત બાગાયત નિયામક (વર્ગ-૧) | ૦૧ |
| ૨ | બાગાયત અધિકારી (વર્ગ-૨) | ૦૧ |
| ૩ | મદદનીશ વહીવટી અધિકારી-કમ-હિસાબી અધિકારી (વર્ગ-૨) | ૦૧ |
| ૪ | બાગાયત નિરીક્ષક (વર્ગ-૩) | ૦૧ |
| ૫ | સીનીયર ક્લાર્ક (વર્ગ-૩) | ૦૧ |
| ૬ | જુનીયર ક્લાર્ક (વર્ગ-૩) | ૦૧ |
| | કુલ જગ્યાઓ | ૦૬ |

શરતો:

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પાડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંદ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ અનુસાર ઠરાવેલ રેશીયો મુજબ ભરવા કાર્યવાહી કરવાની રહેશે.

(૮) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ અને તા.૨૮/૩/૨૦૧૬ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૯) જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ? તે ખાતરી કરી લેવાની રહેશે.

(૧૦) સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂંક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક: નપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦(પા.ફા.) ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૧/૪/૨૦૦૫થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૧) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૨) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૩) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૧૪) રાજ્ય સરકાર દ્વારા વખતો વખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૫) આ નવી જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૬) આ જગ્યાઓ ભરાય ત્યાર બાદ જ ખર્ચ કરવાનો રહેશે.

આ યોજના માટેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણી ક્રમાંક | :૦૨ |
| સેક્ટર | :ગ-આર્થિક સેવાઓ |
| સબ સેક્ટર | :ક-કૃષિ અને સંલગ્ન સેવાઓ |
| મુખ્ય સદર | :૨૪૦૧-પાક કૃષિ વ્યવસ્થા |
| ગૌણ સદર | :૦૦૧-નિર્દેશ અને વહીવટ |
| પેટા સદર | :૦૫- બાગાયત નિયામકની કચેરી (પ્લાન) |

૨. વિભાગની બજેટ શાખા અને નાણા વિભાગ દ્વારા ગ્રાન્ટની ફાળવણીના હુકમો કરવામાં આવે, તદનુસાર બાગાયત નિયામકશ્રીએ નાણા વિભાગની વખતો વખતની સુચનાઓ ધ્યાને લઈને ખર્ચ કરવાનો રહેશે.

૩. આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર અ.મુ.સ.શ્રી(નાણાં)ની તા.૯/૮/૨૦૧૯ તથા અ.મુ.સ.શ્રી(કૃષિ)ની તા.૯/૮/૨૦૧૯ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ.બી.કથારીયા)
સેકશન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ:

(૧) બાગાયત નિયામકશ્રી, કૃષિભવન, સેકટર ૧૦- એ, ગાંધીનગર
(૨) ખેતી નિયામકશ્રી, કૃષિભવન, સેકટર ૧૦- એ, ગાંધીનગર
(૩) સંયુક્ત બાગાયત નિયામકશ્રી, (વિભાગીય કક્ષા) વડોદરા/રાજકોટ
(૪) એકાઉટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
(૫) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, મહેસાણા
(૬) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
(૭) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની નાણા શાખા/બજેટ શાખા/આયોજન શાખા, સચિવાલય, ગાંધીનગર
(૮) નાયબ સેકશન અધિકારીની સીલેકટ ફાઇલ
(૯) શાખા સીલેકટ ફાઇલ